
# શ્રીયંત્ર
## સાધના-ઉપાસના વિધિ

।। ॐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः ।।



**પ્રેરણાદાતા**

વચનસિદ્ધ મહાત્મા પ.પૂ. આ. શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.
મધુરભાષી પ્રવચનકાર પ.પૂ. આ. શ્રી શિવસાગરસૂરીશ્વરજી મ.સા.
બાલમુનિશ્રી ઋષભસાગરજી મ.સા.


## કઈ રાશિવાળાએ કયો રુદ્રાક્ષ ધારણ કરવો ?

| | | |
|---|---|---|
| ૧. | મેષ | ૩ મુખી સિવાયના બધા જ |
| ૨. | વૃષભ | ૨, ૪, ૧૩ |
| ૩. | મિથુન | ૮ |
| ૪. | કર્ક | ૧, ૨, ૧૪ |
| ૫. | સિંહ | ૧, ૫, ૯ |
| ૬. | કન્યા | ૬ મુખી સિવાયના બધા જ |
| ૭. | તુલા | ૭, ૯ |
| ૮. | વૃશ્ચિક | ૧, ૪, ૧૪ |
| ૯. | ધન | ૫, ૯, ૧૨ |
| ૧૦. | મકર | ૧, ૧૦, ૬ |
| ૧૧. | કુંભ | ૧૧, ૭, ૫ |
| ૧૨. | મીન | ૧૨, ૧ |

## કઈ તારીખે જન્મ હોય તો કયા રુદ્રાક્ષ ધારણ કરવા ?

| તારીખ | | | | કેટલા મુખી રુદ્રાક્ષ |
|---|---|---|---|---|
| ૧ | ૧૦ | ૧૯ | ૨૮ | ૪, ૧૨ |
| ૨ | ૧૧ | ૨૦ | ૨૯ | ૭ |
| ૩ | ૧૨ | ૨૧ | ૩૦ | ૧૦ |
| ૪ | ૧૩ | ૨૨ | ૩૧ | ૩, ૧૩ |
| ૫ | ૧૪ | ૨૩ | | ૬, ૧૧ |
| ૬ | ૧૫ | ૨૪ | | ૯, ૧૪ |
| ૭ | ૧૬ | ૨૫ | | ૨ |
| ૮ | ૧૭ | ૨૬ | | ૫ |
| ૯ | ૧૮ | | | ૧ મુખી |

## ભૂખ્યાને ભોજન...તરસ્યાને પાણી...એવી પ્રભુ વીરની વાણી





ACHARYA SRI KAILASSAGARSURI GYANMANDIR
SRI MAHAVIR JAIN ARADHANA KENDRA
Koba, Gandhinagar-382 009
Phone : (079) 23276252, 23276204-05


**મુખ્ય સહયોગ દાતા :-**
**આષાડ સુદ પૂર્ણિમા : તા. ૨૬-૦૭-૨૦૧૦ નાં**
**શુભ દિને સૂરિમંત્ર મહાપૂજન ભણાવીને**
**અમૂલ્ય લાભ લેનાર ગંગાસ્વરુપ**
**માતુશ્રી મોતીબેન જેઠાલાલ રામજી જાખરીચા પરિવાર**

**ગામ : કા. સિંહણ. - હર્ષા કેમીકલ્સ - વાપી.**

**સહયોગ દાતા :**
**સ્વ. પ્રફુલચંદ્ર જગજીવનદાસ વોરા - લીંબડીવાળા**
**ઈશિતા પાર્ક - સૂરત.**

# શ્રી કલ્યાણ સેવા સંઘનું ભવ્ય-દિવ્ય અનોખું આયોજન

# શ્રી ઘંટાકર્ણ મહાવીર શક્તિપીઠ

નિર્માણ સ્થળ : ગોટાવડે, ખપોલી પાલી રોડ, પરલી (મહારાષ્ટ્ર)

**તીર્થ નિર્માણનું રહસ્ય :** પ.પૂ. નાતન આ.શ્રી શિવસાગરસૂરીશ્વરજી મ.સા. ને આજથી દસ વર્ષ પહેલા શ્રી ઘંટાકર્ણ મહાવીર શક્તિપીઠ તીર્થની અંતઃસ્ફુરણા થઈ હતી તે અર્થે તેમણે અખંડ સવા લક્ષ શ્રી ઘંટાકર્ણ મહાવીરના મૂળ મંત્રના અખંડ જાપ આઠ મહિનામાં પૂર્ણાહૂતિ વિધાન સાથે સંપન્ન કરેલ છે. જેની ફળશ્રુતિ રૂપે આ તીર્થના નિર્માણનો પ્રારંભ થઈ રહ્યો છે.

**વિશેષતા :** અખંડ સવા લક્ષ મૂળ મંત્રના જાપ સહિત શ્રી ઘંટાકર્ણ મહાવીરની પ્રાણપ્રતિષ્ઠા કરવામાં આવશે. જેથી આવનાર દરેક ભાવિકોને નિરંતર શક્તિનો સ્રોત ચૈતન્ય ઊર્જારૂપે મળ્યા કરશે. પ્રસ્તુત શક્તિપીઠના આયોજનમાં આપના ઉદાર સહયોગની અપેક્ષા છે. તેમાં ૫૪,૦૦૦ અને ૧,૦૮,૦૦૦ રૂા. દાનમાં નામ નોંધાવીને સહાયતા પ્રદાન કરવા નમ્ર અનુરોધ છે. આ લાભાર્થીનું નામ ગ્રેનાઈટ ઉપર સુવર્ણ અક્ષરે અંકિત કરવામાં આવશે. મોટા આદેશ લેવા માટે સંપર્ક કરો.

## દિવ્ય ઘંટારવ યોજના

**જેમાં એક રણકાર આપનો પણ હોય.....**

**શ્રી ઘંટાકર્ણ દાદાના મંદિરની બહાર ધાતુના સુવિશાળ ઘંટની સ્થાપના કરવામાં આવશે, જેનું વજન આશરે ૩ થી ૪ ટન હશે. આ ઘંટને મંત્રોચ્ચાર દ્વારા અભિમંત્રિત કરીને પ્રતિષ્ઠા કરવામાં આવશે. જેમાં એક રણકારનો નકરો રૂા. ૧૦૦૦/- રાખેલ છે. આપના પરિવારના દરેક સભ્ય દીઠ રૂા. ૧૦૦૦/- નોંધાવીને જીવનમાંથી રોગ-શોક, દુઃખ-દારિદ્ર દૂર કરીને રિદ્ધિ સિદ્ધિના રાજમાર્ગ ઉપર ચાલવાનો સંકલ્પ કરો.**

### આપના ઉદાર સહયોગ માટે સંપર્ક સૂત્ર

**શ્રી ભદ્રેશકુમાર આર. નાયક (અમદાવાદ) - મો. : ૦૯૮૯૮૯ ૪૦૦૯૬**
**શ્રી દિનેશભાઈ પાટણવાળા (મલાડ-મુંબઈ) - મો. : ૦૯૩૨૪૪ ૯૦૫૬૬**
**શ્રી સંજયકુમાર બિપીનચંદ્ર શાહ (સુરત) - મો. : ૦૯૮૨૪૭ ૦૦૨૪૩**
**શ્રી પ્રિયેશભાઈ પ્રકાશચંદ્ર શાહ (સુરત) - મો. : ૦૯૭૨૩૬ ૯૬૬૭૫**
**શ્રી હેમંતકુમાર શાહ (મીરારોડ-મુંબઈ) ૦૯૮૨૧૬ ૭૫૮૦૩**

# 卐 પ્રાસ્તાવિકમ્ 卐

યંત્ર-મંત્ર અને તંત્રની ઉપાસના-સાધના-આરાધના જીવાત્માની સાધકતા-બાધકતાનો સાપેક્ષ દ્રષ્ટિએ વિચાર કરીને તેની યોગ્યતા જોઇને તે તે પ્રકારની સાધના જ્ઞાનીઓ દર્શાવિ છે.

જેમ મંત્રમાં શાશ્વત મંત્ર "**શ્રી નવકાર**" મંત્ર છે તેમ યંત્રમાં "**શ્રીયંત્ર**" એક અનેક સિદ્ધ પુરુષો દ્વારા આત્મસિદ્ધ યંત્ર છે. શ્રી યંત્રની આકૃતિ શ્રી દેવીની પીઠિકા સ્વરૂપે છે.

દેવ-દેવીઓનાં સ્થાનો-આસનો-ભવનો ઇત્યાદિ શાશ્વત હોય છે, તેથી આ એક અપેક્ષાએ શ્રીયંત્રની આકૃતિ તે શ્રીદેવી (લક્ષ્મીદેવી)ના પ્રતિક સ્વરૂપે પૂર્વના મહાપુરુષોએ સ્વીકારેલ છે.

શ્રીયંત્ર આદિ યંત્રોની ઉપાસના-સાધના આરાધના ઇત્યાદિ અનેક પ્રકારની શ્રદ્ધાજન્ય ક્રિયાઓ પૂર્વકાલે વિદ્યમાન હતી. વર્તમાન કાલે તે પ્રાયઃ લુપ્તઅવસ્થાનેપામીહોયતેમજણાયછે.

પૂર્વકાલે જૈનાચાર્યો સૂરિમંત્રની ઉપાસના-સાધના કરવામાં તેની પાંચ પીઠોની આરાધના કરતા હતા અને તે દ્વારા જૈનશાસનની અનેરી પ્રભાવના કરતા હતા. વર્તમાનમાં પણ ઘણા જૈનાચાર્યો આ પાંચ પીઠોની આરાધના-સાંધના કરે છે. આ પાંચ પીઠોની અંતરાગત શ્રીદેવી-લક્ષ્મીદેવીની સાધના-ઉપાસના સમાચેલી છે.

પૂર્વચાર્યો રચિત અનેક પ્રકારના મંત્રશાસ્ત્રો છે. તેમાં યંત્રના પણ અનેક પ્રકારો દર્શાવવામાં આવ્યા છે. યંત્રોની એક ચોક્કસ આકૃતિ દ્વારા મનવાંછિત કાર્યની સિદ્ધિ પ્રાપ્ત થઈ શકે છે. આ અનેક પ્રકારનાં યંત્રોમાં શ્રીયંત્ર એક સરલ અને સહજ સિદ્ધ યંત્ર છે તેના દ્વારા મનવાંછિત ફલની પ્રાપ્તિ તેમજ વાસ્તુની શુદ્ધિ અને અશુભ વાઇબ્રેશનનું નિવારણ પણ થઇ શકે છે.

ગૃહસ્થજીવન જીવવા માટે ધનની અતિ આવશ્યકતા રહેલી છે. કારણ કે ડગલે ને પગલે ગૃહસ્થીને ધનની જરૂર પડે જ છે, માટે જ તો લક્ષ્મી દેવીની કૃપા અને તેમની અમી દ્રષ્ટિ ગૃહસ્થો ઇચ્છે છે. આને કારણે આ શ્રીયંત્ર ઉપાસના પદ્ધતિ દર્શાવવામાં આવેલ છે.

ગૃહસ્થાનો જીવનવ્યવહાર હોય કે ધર્મક્રિયાઓ હોય તે બધામાં સુકૃત કાર્યો કરવા માટે ધન વ્યય કરવો પડે છે અને તે માટે ધનની આવશ્યક્તા રહેલી છે તો જ ધર્મની પ્રભાવના તથા ગૃહસ્થજીવનમાં સમાધિ સહજ અને સરલ બની શકે છે.

શ્રીયંત્રની સાધના દ્વારા લક્ષ્મીદેવી-શ્રીદેવીની પ્રસન્નતા પ્રાપ્ત કરી શકાય છે.

શ્રીયંત્રની આકૃતિમાં અનેક ગૂઢાર્થ રહેલા છે તેના મર્મને જ્ઞાનીઓ જ પામી શકે તેમ છે અને તે માટે ગુરુગમ આવશ્યક છે.

શ્રીયંત્રની સાધનાનો દશાક્ષરી મંત્ર નીચે પ્રમાણે છે.

।। ॐ श्रीं ह्रीं क्लीं महालक्ष्म्यै नमः ।।

શ્રી યંત્રની સાધના-ઉપાસના શ્રદ્ધા એક મહત્વની ભૂમિકા નિભાવે તેમ છે. જ્યાં શ્રદ્ધા છે ત્યાં જ સિદ્ધિ છે.

છેલ્લાં બસો-ત્રણસો વર્ષથી અમુક વર્ગની પ્રવચન શૈલીને કારણે યંત્ર-તંત્રની સાધનામાં ભયંકર વળાંક આવેલ છે. જેનું દુષ્પરિણામ આજે આપણે ભોગવી રહ્યા છીએ. પૂર્વકાલીન ગર્ભશ્રીમંતોની સ્થિતિ આજકાલ કથળવા માંડી છે. તેનાં મૂળિયાં શોધવા જઈએ તો ક્યાંક ને ક્યાંક તો ભૂલ જરૂર જણાશે.

કલિકાલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રાચાર્ય શ્રી બતાવે છે કે ''विना सावद्य योगेन नंस्यात् धर्म प्रभावना'' સાવધ યોગને સેવ્યા સિવાય ધર્મની પ્રભાવના પણ શક્ય નથી તો પછી ગૃહસ્થજીવન માટેની વાત જ ક્યા કરવાની રહી.

મારા ગુરુદેવશ્રીનું એક માર્મિક અર્થસભર કથન હતું કે મારો શ્રાવક સર્વ પ્રકારે સુખી હોવો જોઇએ અને તે માટે જે કાંઈ સાધના-ઉપાસના કરવી પડે તે સાધુઓએ કરવી જોઈએ. અન્યથા શ્રાવકોની સંખ્યામાં દિન-પ્રતિદિન ઘટોતરી થયા કરશે ને જૈન તીર્થસ્થાનોંની દેખભાળમાં તથા તેના વહીવટમાં અનેક અવરોધો ઊભા થશે. માટે જાગ્યા ત્યારથી સવારની ઉક્તિને સાર્થક કરીએ અસ્તુ.

મુનિ - સંયમ સાગર “લઘુશ્રમણ”

બબલપુરા - મહાવિદેહ ધામ

# પૂજા વિધિ કેમ કરવી ?

: દૈનિક પૂજા :

સૌ પ્રથમ પ્રાતઃકાળે સ્નાન કરી પૂજાનાં વસ્ત્રો ધારણ કરવાં. શ્રીચંત્રને શુદ્ધ જલથી સ્નાન કરાવી. અંગલૂછણાથી શ્રી ચંત્ર દેવને લૂછવાં. ત્યાર બાદ સુખડ ગુલાબ કે કમળના અત્તરનો પટ્ટ રૂ વડે શ્રીચંત્રને આપવો. ત્યાર બાદ કેશર અને ચંદનનો ચાંલ્લો ચંત્રના ચારેય દિશા તથા મધ્યમાં ઉપર કરવા. ફૂલ તથા અક્ષત (ચોખા) વધાવવા. દીવો કરવો. ધૂપ કરવો અને નીચેના મંત્રની ૧૦૮ વાર ગણના કરવી અથવા ૨૭ વાર ગણવો પછી પ્રાર્થના કરવી.

મંત્ર : ॥ ૐ શ્રીઁ હ્રીઁ ક્લીઁ મહાલક્ષ્મ્યૈ નમઃ ॥

અથવા

॥ ૐ શ્રીઁ હ્રીઁ શ્રીઁ કમલે કમલાલચે પ્રસીદ પ્રસીદ

ૐ શ્રીઁ હ્રીઁ શ્રીઁ મહાલક્ષ્મ્યૈ નમઃ ॥

ઉપરના બંનેમાંથી કોઈ એક મંત્રના જાપ દૈનિક ગણવા.

ત્યાર બાદ પ્રાર્થના કરવી :

હે મા ભગવતી મહાલક્ષ્મી ! મારા ઘરમાં નિત્ય નિવાસ કરો. અમારામાં શુદ્ધ વિચારો અર્પો. સદ્બુદ્ધિ આપો તથા અમે તમારી નિત્ય મહાપૂજા કરીએ તેવી શક્તિ અને ભક્તિ આપો તથા મારા અને મારા કુટુંબના તમામ સભ્યો ઉપર સદાચ પ્રસન્ન રહો.

: મહાપૂજા :

* શુક્રવાર, પૂનમ તથા બેસતા મહિને અથવા જન્મ દિવસે અને બેસતા વર્ષે અથવા શુભ પ્રસંગે તથા વાર, તહેવાર અને ઉત્સવમાં મહાપૂજા કરવી.
* નિત્ય પૂજા કરીએ તે પ્રમાણે પૂજા કરવી. (શ્રીચંત્ર દેવને સ્નાન, અત્તર, કેશર, ચંદન, અક્ષત (ચોખા) ફૂલ, ધૂપ, દીપ અર્પણ કરવાં.)

# પૂજા વિધિ કેમ કરવી ?

વિશેષમાં નૈવેદ્ય ધરાવવું. નૈવેદ્યમાં મીઠાઈ ધરાવવી. તે પ્રસાદી ઘરના દરેક સભ્યે લેવી તથા શક્ય તેટલાં વધુ જાપ ગણવા.

શ્રીયંત્રની વિશેષ પૂજામાં નૈવેદ્ય પછી કપૂર ગોટી પ્રજ્વલિત કરી આરતિ કરવી.

શ્રીસૂક્ત, લક્ષ્મી અષ્ટક સ્તોત્ર તથા લક્ષ્મીના ૧૦૮ નામનો પાઠ વાંચવો.

શ્રીયંત્રનું ફળ નીચેની બાબતોને ધ્યાનમાં રાખવાથી વિશેષ મળે છે.

શ્રીયંત્ર ની પવિત્રતા જાળવવી.

નિત્ય પૂજા કરવી તથા જાપ કરવા.

પૂજા દ્રવ્ય તાજા દ્રવ્ય જ વાપરવાં. વપરાયેલું નૈવેદ્ય, પુષ્પ આદિ પુનઃ ફરી વાર વાપરવાં નહીં.

પૂજા દ્રવ્ય સારું તથા સુગંધીવાળું જ વાપરવું.

પૂજાની વસ્તુને કદાપિ સૂંઘવી નહિ.

દર શુક્રવારે નૈવેદ્ય મિષ્ટાન્ન ધરવું.

ઘરમાં બહારથી આવેલી કોઈ પણ પ્રકારની લક્ષ્મી શ્રીયંત્રને અર્પણ કર્યા બાદ જ વાપરવી.

ઘરમાં બહારથી લાવેલી મીઠાઈ કે ફ્રુટ પહેલાં શ્રીયંત્રને પ્રસાદીમાં ધરાવવાં પછી જ વાપરવાં.

જાપ કરતા પહેલા પાટલા ઉપર થાળમાં શ્રીયંત્ર મુકવું.

બેઠેલા લક્ષ્મીજીનો ફોટો સન્મુખ રાખવો.

તુભ્યં નમ-સ્ત્રિભુવનાર્તિહરાય નાથ!<br>
તુભ્યં નમઃ ક્ષિતિ-તલામલ-ભૂષણાય ।<br>
તુભ્યં નમ-સ્ત્રિજગતઃ પરમેશ્વરાય<br>
તુભ્યં નમો જિન! ભવોદધિ-શોષણાય ॥<br>
(૭ વાર આ ગાથા બોલવી)

# મનોરથ અંગે સંકલ્પ
## મહાચમત્કારીક મંત્ર

।। ॐ ह्रीँ श्रीलक्ष्मी महालक्ष्मी
सर्वकामप्रदे सर्व सौभाग्यदायिनी।
वांछितं देहि देहि सर्वगते सुरुपे
सर्वदुःख विमोचिनी ह्रीँ सः स्वाहा।।

ઉપરોક્ત મંત્ર બાલતો જવું અને પીળા રેશમી દોરા પર એક એક ગાંઠ વાળતા જવું એમ કુલ ૨૭ ગાંઠયુક્ત દોરો બનાવવો.

પ્રતિ માસની સુદ પાંચમ, આઠમ, પૂનમે ઉપરોક્ત મંત્રના ૧૦૮/૨૭ જાપ કરવાથી લક્ષ્મીદેવીની કૃપા - સહાયતા - લાભ પ્રાપ્તિ થાય છે.

मंत्रजाप

(૧) ।। ॐ श्रीँ ह्रीँ श्रीँ कमले
कमलालये
प्रसीद प्रसीद श्रीँ ह्रीँ श्रीँ ॐ
महालक्ष्म्यै नमः ।।

(૨) ।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्म्यै नमः ।।
નોંધ : સમૂહમાં ૨૭ વાર અથવા ૧૦૮ વાર
ઉપરોક્ત મંત્રજાપ કરવો - કરાવવો.

(૩) ।। ॐ श्रीँ ह्रीँ ऐँ महालक्ष्म्यै
कमलधारिण्यै सिंहवाहिन्यै श्री महालक्ष्म्यै
आगच्छ आगच्छ ठः ठः ठः स्वाहा ।।

(૪) ।। ॐ श्रीँ श्रियै नमः ।।

(૫) ।। ॐ श्रीँ ॐ नमः ।।

ગુરૂગમથી દરેક મંત્રના આમ્નાયપૂર્વક જાપ કરવાથી લક્ષ્મીદેવીની કૃપા પ્રાપ્ત થાય છે.

# ભગવતી શ્રી મહાદેવી લક્ષ્મીદેવી અષ્ટોતરશત નામ

૧. ૐ હ્રીં શ્રીં મહામાયાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨. ૐ હ્રીં શ્રીં મહાલક્ષ્મ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩. ૐ હ્રીં શ્રીં મહાવાણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪. ૐ હ્રીં શ્રીં મહેશ્વર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫. ૐ હ્રીં શ્રીં મહાદેવ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬. ૐ હ્રીં શ્રીં મહિષાસુર મર્દિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭. ૐ હ્રીં શ્રીં કાલરાત્ર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮. ૐ હ્રીં શ્રીં નન્દાધાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯. ૐ હ્રીં શ્રીં ભદ્રિકાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦. ૐ હ્રીં શ્રીં નિશાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૧. ૐ હ્રીં શ્રીં જયાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૨. ૐ હ્રીં શ્રીં રિક્તાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૩. ૐ હ્રીં શ્રીં મહાશક્ત્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૪. ૐ હ્રીં શ્રીં દેવમાતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૫. ૐ હ્રીં શ્રીં કૃશોદર્યૈં મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૬. ૐ હ્રીં શ્રીં શચીન્દ્રાણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૭. ૐ હ્રીં શ્રીં શુક્રનુતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૮. ૐ હ્રીં શ્રીં શંકરપ્રીયાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૯. ૐ હ્રીં શ્રીં વલ્લભાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૦. ૐ હ્રીં શ્રીં મહાવરાહ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૧. ૐ હ્રીં શ્રીં જનન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૨. ૐ હ્રીં શ્રીં મહનોન્મચિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૩. ૐ હ્રીં શ્રીં મહીયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૪. ૐ હ્રીં શ્રીં બ્રહ્માયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૫. ૐ હ્રીં શ્રીં વિશ્વમાતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૬. ૐ હ્રીં શ્રીં વરદામયદાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૭. ૐ હ્રીં શ્રીં શિવાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૮. ૐ હ્રીં શ્રીં શૃલિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૨૯. ૐ હ્રીં શ્રીં ચક્રિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૦. ૐ હ્રીં શ્રીં પાશિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૧. ૐ હ્રીં શ્રીં શંખધારિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૨. ૐ હ્રીં શ્રીં ગદિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૩. ૐ હ્રીં શ્રીં મુંડમાલાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૪. ૐ હ્રીં શ્રીં કમલાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૫. ૐ હ્રીં શ્રીં કરુણાલયાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૬. ૐ હ્રીં શ્રીં પદ્માક્ષાધારિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૭. ૐ હ્રીં શ્રીં હ્યમ્બાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૮. ૐ હ્રીં શ્રીં મહાવિષ્ણ્વે મહાલક્ષ્મ્યૈ નમઃ।
૩૯. ૐ હ્રીં શ્રીં પ્રિયંકાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૦. ૐ હ્રીં શ્રીં સ્વપ્રેકનાથયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૧. ૐ હ્રીં શ્રીં રમણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૨. ૐ હ્રીં શ્રીં જિનશાસનેપૂજિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૩. ૐ હ્રીં શ્રીં શત્રુંજયાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૪. ૐ હ્રીં શ્રીં યમુનાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૫. ૐ હ્રીં શ્રીં શારદાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૬. ૐ હ્રીં શ્રીં કમલાસનાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૭. ૐ હ્રીં શ્રીં ગંડક્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૮. ૐ હ્રીં શ્રીં સરસ્વત્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૪૯. ૐ હ્રીં શ્રીં રેવાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૦. ૐ હ્રીં શ્રીં યશસ્વિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૧. ૐ હ્રીં શ્રીં નર્મદાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૨. ૐ હ્રીં શ્રીં કાવેર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૩. ૐ હ્રીં શ્રીં પદ્મદ્રહ કુલવાસિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।

# ભગવતી શ્રી મહાદેવી લક્ષ્મીદેવી અષ્ટોતરશત નામ

૫૪. ૐ હ્રીં શ્રીં કિશોર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૫. ૐ હ્રીં શ્રીં કેશ વનિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૬. ૐ હ્રીં શ્રીં મહેન્દ્રપરવન્દિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૭. ૐ હ્રીં શ્રીં સુરાદિદેવ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૮. ૐ હ્રીં શ્રીં નિર્માણકારિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૫૯. ૐ હ્રીં શ્રીં દેવ પૂજિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૦. ૐ હ્રીં શ્રીં તંત્ર સ્વરૂપિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૧. ૐ હ્રીં શ્રીં મધ્યસ્થાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૨. ૐ હ્રીં શ્રીં કોટિ બ્રહ્માંડધારિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૩. ૐ હ્રીં શ્રીં શ્રુતિરૂપાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૪. ૐ હ્રીં શ્રીં શ્રુતિકર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૫. ૐ હ્રીં શ્રીં શ્રુતિ સ્મૃત્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૬. ૐ હ્રીં શ્રીં પરાયણાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૭. ૐ હ્રીં શ્રીં ઈન્દિરાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૮. ૐ હ્રીં શ્રીં સિન્ધુતન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૬૯. ૐ હ્રીં શ્રીં માતંગ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૦. ૐ હ્રીં શ્રીં લોકમાતૃકાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૧. ૐ હ્રીં શ્રીં ત્રિલોકજનન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૨. ૐ હ્રીં શ્રીં જન્માયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૩. ૐ હ્રીં શ્રીં યંત્ર સ્વરૂપિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૪. ૐ ૐ હ્રીં શ્રીં તરૂણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૫. ૐ હ્રીં શ્રીં તમોહંત્ર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૬. ૐ હ્રીં શ્રીં મંગલાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૭. ૐ હ્રીં શ્રીં મંગલાયનાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૮. ૐ હ્રીં શ્રીં જિનમાતોત્ભવેસ્વન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૭૯. ૐ હ્રીં શ્રીં ચતુઃ સંખ્યાપ્રકાશિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૦. ૐ હ્રીં શ્રીં કમલાલક્ષ્મ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૧. ૐ હ્રીં શ્રીં શ્રીઃ માતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૨. ૐ હ્રીં શ્રીં હરિસુરપ્રપૂજિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૩. ૐ હ્રીં શ્રીં સર્વદેવમયીસવર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૪. ૐ હ્રીં શ્રીં શરણાગતપાલિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૫. ૐ હ્રીં શ્રીં શરણ્યાનૃપવનિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૬. ૐ હ્રીં શ્રીં હિમવંતનિવાસિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૭. ૐ હ્રીં શ્રીં ગંધર્વજ્ઞાનરસિકાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૮. ૐ હ્રીં શ્રીં ગીતાસિદ્ધાર્થવલ્લભાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૮૯. ૐ હ્રીં શ્રીં ત્રૈલોક્યપાલિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૦. ૐ હ્રીં શ્રીં તત્વરૂપાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૧. ૐ હ્રીં શ્રીં તારુણ્યપૂરિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૨. ૐ હ્રીં શ્રીં ચન્દ્રાવલ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૩. ૐ હ્રીં શ્રીં ચન્દ્રામુખ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૪. ૐ હ્રીં શ્રીં ચન્દ્રિકાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૫. ૐ હ્રીં શ્રીં ચન્દ્રપૂજિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૬. ૐ હ્રીં શ્રીં ચન્દ્રાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૭. ૐ હ્રીં શ્રીં શશાંકભગિન્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૮. ૐ હ્રીં શ્રીં ગીતવાધપરાયણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૯૯. ૐ હ્રીં શ્રીં સૃષ્ટિરૂપાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૦. ૐ હ્રીં શ્રીં સૃષ્ટિકર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૧. ૐ હ્રીં શ્રીં સૃષ્ટિસંહારકારિણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૨. ૐ હ્રીં શ્રીં ભુનાથાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૩. ૐ હ્રીં શ્રીં રમણ્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૪. ૐ હ્રીં શ્રીં નૃપવૃક્ષાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૫. ૐ હ્રીં શ્રીં સ્થલ સ્થિતાયૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૬. ૐ હ્રીં શ્રીં વિશ્વેશ્વર્યૈ મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૭. ૐ હ્રીં શ્રીં મહાલક્ષ્મ્યૈ નમઃ।
૧૦૮. ૐ હ્રીં શ્રીં પદ્મદ્રહવાસિન્યૈ નમઃ।

# શ્રી મહાલક્ષ્મીદેવી સ્તોત્ર પાઠ

(રાગ : વિમલ કેવલ જ્ઞાન કમલા....)

ૐ નીર નીરમલ સુગંધ ચંદન અખંડ અક્ષત પુષ્પજં
દીપ ધૂપ નૈવેદ્ય પચ ઘૃત શર્કરાયુત ફલાદિકં
પૂજા ભવ્ય શિવસુખ દાયક દુરિત કલ્મષ ખંડણં
શ્રી મહાલક્ષ્મી મહામાયા પૂજાયાં પ્રતિગૃહ્યતાં ૧

(રાગ : રઘુપતિ રાઘવ રાજા....)

ૐ નમોસ્તુતે મહામાયા, સુરાસુર પ્રપૂજ્યતે
શંખ ચક્ર ગદા હસ્તે, મહાલક્ષ્મી નમોસ્તુતે ૨

જન્માદિ રહિતે દેવી, આદિ શક્તિ અગોચરે
યોગિની યોગ સંભૂતે, મહાલક્ષ્મી નમોસ્તુતે ૩


પદ્મ વાનારસિ દેવી, પદ્મજિવ્હા સરસ્વતી
પદ્મ હસ્તે જગન્નાથો, મહાલક્ષ્મી નમોસ્તુતે ૪

સર્વજ્ઞ સર્વદા દેવી, સર્વ દુઃખ નિવારણી
સર્વ સિદ્ધિ કરે દેવી, મહાલક્ષ્મી નમોસ્તુતે ૫

સ્થૂલે સૂક્ષ્મે મહારૂદ્રે, સત્યે સત્યમહોદરી
મહા પાપ હરે દેવી, મહાલક્ષ્મી નમોસ્તુતે ૬

સિદ્ધિ બુદ્ધિ પ્રદે દેવી, ભુક્તિ મુક્તિ પ્રદાયિની
મિત્રહસ્તે મહાદેવી, મહાલક્ષ્મી નમોસ્તુતે ૭

લક્ષ્મી સ્તવનં પુણ્યં, પ્રાતરૂત્થાય યઃ પઠેત્
દુઃખદારિદ્રયં ન પશ્યંતિ, રાજ્યં પ્રાપ્નોતિ નિત્ય સઃ ૮



# શ્રી લક્ષ્મીદેવી સ્તુતિ

શરદ ચંદ્ર મુખી શ્રીદેવી, ગજાભિષેકે શોભિની
દાનેશ્વર ગૃહ ગમન કારિની, મન વાંછિત વર દાયિની
પદ્મહસ્તા તુ પદ્મદલાક્ષી, પદ્મ પ્રિયા પરમેશ્વરી
જગદંબા તુ પરમાનંદી પદ્માસન શાલિની ........................ ૧

જિન ગુણ ગણમેં અહનિશ રમતી, અવધિજ્ઞાને અલંકારી
પ્રાણજીવન અરિહંત અંતર મેં, ક્ષણ ક્ષણ ક્ષણ રટનારી
શ્રી કમલા જિન ચરણ કમલ મેં રહે નવકમલ સ્વરૂપધારી
જિન શાસન રસ પાન કરંતી, ઋદ્ધિ મુજ કર દેવી................ ૨

ભોગ વમી જો યોગદશા ધર, જિન આણા એક ચિત્તધારી
આગમ ચક્ષુવંત મુનિશ્વર, મુક્તિ પન્થજીવન ચારી
એસે મુનિ ગુણ તેરે જંપે, સમકિત ગુણ તુજ બલિહારી
સમકિત ગુણ ગણમંજુષ ધરતી, ઋદ્ધિ સિદ્ધિ મુજ કર દેવી ...... ૩

ચોસઠ ઈન્દ્ર સુર અસુર ગણ, ગુણ ગાએ તેહરે જાની
અપ્સરા નૃત્ય વીણાનાદ ગીત, કરે તુજ આગે રંગ આની
લક્ષ્મી ભવન રત્નમય દિવ્ય, પંકજ મધ્ય મનોહારી
દિવ્ય ઋદ્ધિભોક્તા મહાલક્ષ્મી, ઋદ્ધિ સિદ્ધિ મુજ કર દેવી ....... ૪

દશોપચાર પૂજા વખતે સમૂહમાં બોલવાનો શ્લોક

पउमदह संनिविट्ठा, चउसट्ठिसुराहिवाण मणमहणि।
सव्वंग भूषणधरा, पणमंती गोयम मुणिंदं ।।
विजया जया जयंति, नंदा भद्दा समन्निया तईए।
विज्जापँ निविट्ठा, सिरि सिरिदेवी सुहं देउ ।।

દશોપચાર પૂજા વખતે સમૂહમાં બોલવાનો શ્લોક

ॐ ह्रीँ श्राँ श्रीँ श्रूँ श्रैँ श्रौँ श्रः स्वरुपाय
गौतमगणधर अधिष्ठायिका – हिमवंतशैलचारिणी–
पद्मद्रहवासिनी – कमलवासशायिनी – जिनजननी–
चतुर्थ स्वप्नमयि भगवती महालक्ष्म्यै
........समर्पयामि नमः स्वाहा ।।

# ॥ અથ શ્રી મહાલક્ષ્મી અષ્ટકમ્ ॥

નમસ્તે અસ્તુ મહામાયે, શ્રીપીઠે સુરપૂજિતે ।
શંખચક્ર ગદાહસ્તે, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
નમસ્તે ગરુડારૂઢે, કૌલાસુર ભયંકરી ।
સર્વપાપ હરે દેવી, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
સર્વજ્ઞે સર્વ વરદે, સર્વદુષ્ટ ભયંકરી ।
સર્વ દુઃખહરે દેવી, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
સિદ્ધિ બુદ્ધિ પ્રદે દેવી, ભુક્તિ-મુક્તિ પ્રદાયિની ।
મંત્ર મૂર્તે સદાદેવી, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
અધ્યાંતર હિતે દેવી, આદ્યશક્તિ મહેશ્વરી ।
યોગ જે યોગ સંભૂતે, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
સ્થૂલે સૂક્ષ્મે મહાસદ્રે, મહાશક્તિ મહોદરે ।
મહાપાપ હરે દેવી, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
પદ્માસન સ્થિતે દેવી, પરબ્રહ્મસ્વરૂપિણી ।
પરમેશી જગન્નમાતર્, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥
શ્વેતાંબર ધરે દેવી, નાનાલંકાર ભૂષિતે ।
જગત્સ્થિતે જગન્નમાતર, મહાલક્ષ્મી નમોડસ્તુતે ॥

મહાલક્ષ્મ્યષ્ટકં સ્ત્રોતમ્
યહ પઠેત્ ભક્તિમાન્નરઃ ।
સર્વ સિદ્ધિ મવાપ્નોતિ
રાજ્યં પ્રાપ્નોતિ સર્વદા ॥
એક કાલે પઠેત્ નિત્યમ્
મહાપાપ વિનાશનમ્ ।
દ્વિકાલં યઃ પઠેત્ નિત્યમ્
ધનધાન્ય સમન્વિતમ્ ॥
ત્રિકાલં યઃ પઠેત્ નિત્યમ્
મહાલક્ષ્મી ભવેત્ નિત્યમ્
પ્રસન્નાઃ વરદા શુભાઃ ॥
॥ ઇતિ શ્રી મહાલક્ષ્મ્યષ્ટકમ્ ॥

# શ્રી લક્ષ્મીદેવી ના વિવિધ મંત્રો

।। श्री तीर्थंकर गणधर प्रसादात् एषः योगः फलतु ।।
કોઈપણ મંત્રના પ્રારંભ સમયે પ્રાર્થના કરવી.

(૧) ।। ॐ ह्रीँ श्रीँ क्लीँ नमः ।।

રોજ પાંચ પીળી માળાથી ગણવી. લક્ષ્મીનું આકર્ષણ થાય છે.

(૨) ।। ॐ ह्रीँ अर्हँ नमः विशायंत्र धारिणी लक्ष्मीदेवी मम वांछितं पूरय पूरय कुरु कुरु स्वाहा ।।

એકાસણનો તપ કરી પીળી માલાથી રોજ દશ માળા ફેરવવી. એકવીશ દિવસ સુધી જાપ કરવા પછી રોજ પાંચ માળા ફેરવવી. આ શ્રેષ્ઠ મંત્ર છે.

(૩) ।। ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ नमिऊण सुर असुर गरुल भूयग परिवंदिये गय किलेसे अरिहे सिद्धायरिए उवज्झाये सव्वसाहूणं नमः स्वाहा ।।

વિધિ : આ ગાથા શુદ્ધ ઉચ્ચારપૂર્વક શીખવી. કામ પડે ત્યારે તિથિ ૫-૧૦-૧૫ રવિ પુષ્ય, રવિ હસ્ત, રવિ મૂળ, ગુરૂ પુષ્ય આ નક્ષત્રો લઈ ૧૨૫૦૦ સાડા બાર હજાર જાપ કરવા, જાપ શરૂકરો તે દિવસે તથા જાપ પુરા થાય તે દિવસે બંને દિવસોએ ઉપવાસ કરવો. સફેદ માળા, સફેદ વસ્ત્રથી, એકાગ્રચિત્તે માળા ગણવી. મનોવાંછિત સિધ્ધિ થાય, એકાએક અણધારી રીતે અચૂક લાભ થાય ૨૧ વાર ભણવાથી દુષ્ટ ભય દૂર થાય છે. ભવનપતિ દેવતા પ્રસન્ન થાય છે. એકાંતવાસમાં શુભ યોગે પ્રારંભ કરવો. પછી રોજ એક માળા ગણવી.

(૪) ।। ऐं नमः उच्छिष्ट चांडालिनी मातंगी सर्वभूत वश्यंकरी स्वाहा ।।

સર્વ ઈચ્છિત કાર્ય સિધ્ધિ, આકર્ષણ મહામંત્ર, સાડા બાર હજાર જાપ શુભયોગમાં કરવા પછી એક માળા ગણવી.

(૫) ।। ॐ ह्रीँ बीयबुद्धिणं, ॐ ह्रीँ कुट्ठबुद्धिणं, ॐ ह्रीँ संभिन्नसोआणं, ॐ ह्रीँ अक्खीण महाणस्स लद्धिणं, सव्वलद्धिणं नमः स्वाहा ।।

વિધિ : આ મહામંત્રનો ત્રણ ઉપવાસ-અઠ્ઠમ કરીને સાડા બાર હજાર (૧૨૫૦૦) જાપ કરવા, બની શકે તો દુધ, ઘી, સાકર, ચોખા અને રોટલીનું એકવાર ભોજન કરવું અને ઉકાળેલું પાણી પીવું. આ મહામંત્રનો જાપ કરતી વખતે પીળા કપડા, પીળું આસન, પીળી માળા રાખવી, સાડા બાર હજાર જાપ પૂરા થાય પછી હંમેશા ૧૦૮ વાર જાપ કરવો જેથી ધનસંપત્તિ, પુત્ર, પરિવારનું સંપૂર્ણ સુખ મળે છે.

(૬) ।। ॐ नमो भगवओ गोयमसामिस्स सिद्धस्स बुद्धस्स अक्खीणमहाणसस्स अवतर अवतर ॐ अक्खीण महाणसस्स स्वाहा ।।

મુસાફરીએ જતાં અને ગામમાં પ્રવેશ કરતાં આ મંત્ર ૧૦૮ વાર ગણવાથી મનોવાંછિત કાર્ય સિધ્ધ થાય છે. વેપાર વધે છે.

(૭) ।। चउवीस तीर्थंकरतणी आण, पंच परमेष्ठीतणी आण, चउवीस तीर्थंकरतणी तेजी, पंच परमेष्ठीतणी तेजी, ॐ ह्रीँ अर्हँ उत्पतउत्पत स्वाहा ।।

વિધિ : રવિપૂષ્યનો યોગ આવે ત્યારે સંધ્યાના સમયે સ્નાન કરી તેલ, ચુઆ, ચંદન, વગેરેનું શરીરે વિલેપન કરી, ગાત્ર પવિત્ર કરી, સુંગધીદાર ફૂલની માળા પહેરી, જ્યાં સ્ત્રીનો સંઘટ્ટો ન થાય એવા એકાંત સ્થાનમાં આવી, પવિત્ર લીંપણ કરાવી, તેના ઉપર ઉભા રહી, પૂર્વ દિશા સન્મુખ ઉભા રહી, સ્ફટિકની માળાથી ૧૦૮ વાર ભણી, પછી દક્ષિણ દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી પશ્ચિમ દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી, પછી ઉત્તર દિશા તરફ ઉભા રહી ૧૦૮ વાર મંત્ર ભણી લેવો. આ પ્રમાણે વિધિ કર્યા પછી જે કાર્ય મનમાં ધાર્યું હોય તે ચિંતવીને અડધી રાત્રિ વિતી ગયા બાદ સંથારે સુઈ રહેવું. પાછલી રાત્રિની બે ઘડી બાકી રહે ત્યારે સ્વપ્ન દેખે. સ્વપ્નમાં જે કાર્ય ચિંતવ્યું હોય તેના શુભાશુભ ફળની જાણ થાય, ત્યાર બાદ જાગી જવું પરંતુ સુવું નહીં.

## ઘંટાકર્ણ મંત્ર (૧)

ॐ घंटाकर्ण महावीर सर्व व्याधि विनाशक।
विस्फोटक भये प्राप्ते रक्ष रक्ष महाबल।।
यत्र त्वं तिष्ठसे देव लिखितोऽक्षर पंक्तिभिः।
रोगस्तत्र प्रणश्यंति वात पित्त कफोद्भवाः।।
तत्र राज भयं नास्ति यांति कर्णे जपात्क्षयम्।
शाकिनी भूत वेताला राक्षसा प्रभवंति न।।
नाकाले मरणं तस्य न च सर्पेण डश्यते।
अग्नि श्चौर भयं नास्ति
ह्रीँ घंटाकर्णोनमोस्तुते ठःठःठः स्वाहा।।

ફળ : સર્વકાર્યસિદ્ધિદાતા પ્રતિદિન પૂર્વ દિશા સન્મુખ ૨૧ વાર ગણવો.

## મૂળ મંત્ર (૨)

।। ॐ ह्रीँ श्रीँ क्लीँ ब्लूँ ह्रीँ घंटाकर्णो
नमोस्तुते ॐ नरवीर ठःठःठः स्वाहा

ઉત્તર દિશા તરફ મુખ રાખી લાલ માળાથી એક માળા ગણવાથી સર્વ પ્રકારે શાંતિ થાય છે. ચમત્કારથી ભરપૂર છે.


## લક્ષ્મી પ્રાપ્તિ મંત્ર (૩)

।। ॐ ह्रीँ श्रीँ क्लीँ क्रौँ ॐ घंटाकर्ण महावीर
लक्ष्मीं पूरय पूरय सुख सौभाग्यं कुरु कुरु स्वाहा।।


પહેલે દિવસે ચાલીસ માળા, બીજે દિવસે બેતાલીસ માળા અને ત્રીજે દિવસે તેતાલીસ માળા ઘંટાકર્ણના લક્ષ્મી મંત્રની ગણવી, ધનતેરસ, રૂપચૌદશ અને દિવાળી એમ ત્રણ દિવસમાં ૧૨૫ માળા ગણવી. મંત્ર સિધ્ધ થાય છે. ત્યાર બાદ પ્રતિદિન એક માળા ગણવી.

લાલ માળા તથા સફેદ આસન લેવું.
ઉત્તર દિશા તરફ મુખ રાખીને બેસવું.

# સૂર્યનો યંત્ર



| | | |
|---|---|---|
| ૬ | ૧ | ૮ |
| ૭ | ૫ | ૩ |
| ૨ | ૯ | ૪ |



# સૂર્યનો મંત્ર

## ॥ ૐ નમઃ સૂર્યાય સહસ્ત્રકિરણાય
## હ્રીં સ્વાહા ॥

વિધિ :

સવારે પૂર્વદિશા તરફ મુખ રાખીને ૧ માળા એટલે કે ૧૦૮ વાર મંત્રજાપ કરવો. સૂર્યગ્રહણ તથા આસો માસમાં વિશેષ જાપ કરવો. તાંબા–ચાંદી કે સોનામાં યંત્ર બનાવવું.

# ફળ કથન

જન્મ જન્માંતરનું દારિદ્રય દૂર થાય છે. આત્મરક્ષા કરે છે. પ્રભાવ વધે છે. અધિકારી વર્ગ સાથે સંબંધો સ્થપાય છે. બીજા અનેક સંસારી કાર્યો સિદ્ધ થાય છે. જૈનોએ રવિવારે એકાસણું કરવું, હિન્દુઓએ એક ટાઈમ જમવું. કોઢ–સફેદ દાગ આંખ તથા હાર્ટએટેક – બી.પી. જેવાં આધુનિક દર્દો ઉપશાન્ત થાય છે. આ મંત્રના પ્રભાવથી પરમપૂજ્ય આચાર્ય ભગવંત શ્રી વિજય હીરસૂરીશ્વરજી મ.સા. એ દિલ્હીપતિ અકબર બાદશાહને પ્રતિબોધ પમાડ્યો હતો.

# સર્વ રિદ્ધિ-સિદ્ધિ પ્રદાતા, મનોવાંછિત ફળદાતા
# શ્રી મહાલક્ષ્મી મહાપૂજન

પૂજ્ય ગુરુભગવંત હોય તો વંદન કરી, અનુજ્ઞા માગી પૂજનની શરૂઆત કરવી...ગુરુ ભગવંત પાસે પૂજનની સર્વ સામગ્રી તથા માંડલા ઉપર વાસક્ષેપ કરાવવો...'ૐ ભૂર્ભૂવઃ સ્વધાય સ્વાહા' મંત્રથી વાસક્ષેપ મિશ્રિત ચોખા પૂજન ભૂમિ ઉપર નાખી ભૂમિ શુદ્ધ કરવી. વાજતે ગાજતે સિંહાસનમાં પ્રભુજીને પધરાવવા. બાજોઠ ઉપર કે થાળમાં ચંદ્રપ્રભ સ્વામી અને મહાલક્ષ્મી માતાનાં પ્રતિમાજીને સ્થાપન કરવાં. મધર સ્વરે ભાવોલ્લાસપૂર્વક શ્રી વીરવિજયજી કૃત સ્નાનપૂજા કરવી.

अर्हन्तो भगवन्त इन्द्रमहिताः, सिद्धाश्च सिद्धिस्थिता,
आचार्या जिनशासनोन्नतिकराः पूज्या उपाध्यायकाः ।
श्रीसिद्धान्त सुपाठका मुनिवरा, रत्नत्रयाराधका,
पञ्चैते परमेष्ठिनः प्रतिदिनं कुर्वन्तु वो मङ्गलम् ।।१।।

(१) ॐ ह्रीँ नमो अरिहंताणं। (२) ॐ ह्रीँ नमो सिद्धाणं। (३) ॐ ह्रीँ नमो आयरियाणं। (४) ॐ ह्रीँ नमो उवज्झायाणं। (५) ॐ ह्रीँ नमो लोए सव्वसाहूणं। (६) ॐ ह्रीँ श्री चंद्रप्रभ स्वामीने नमः

स्वस्ति नमोऽर्हत्-सिद्धाचार्योपाध्याय-सर्वसाधुभ्यः सम्यग्-दर्शन-ज्ञान-चारु-चारित्र सत्तपोभ्यश्च ।।

## ભૂમિ શુદ્ધિ આદિના મંત્રો

(૧) પૂજન ભૂમિની આજુબાજુના વાયમંડલને શુદ્ધ કરવા માટે વાયુ-કુમાર દેવને વિનંતી.

ॐ ह्रीँ वातकुमाराय विघ्नविनाशकाय महीं पूतां कुरु कुरु स्वाहा ।

ડાભ (દર્ભ) ના ઘાસની ભૂમિનું પ્રમાર્જન કરવું.

(૨) પૂજન ભૂમિ ઉપર સુગંધી જળનો છંટકાવ કરવા માટે મેઘકુમાર દેવને વિનંતી.

ॐ ह्रीँ मेघकुमाराय धरां प्रक्षालय प्रक्षालय हूँ फुट् स्वाहा ।।

ડાભ પાણીમાં બોળી ભૂમિ ઉપર છાંટવું.

(૩) પૂજન વિધિની વિશેષ શુદ્ધિ માટે ભૂમિ દેવતાને વિનંતિ કરવી.

॥ ॐ भूरसि भूतधात्रि सर्वभूतहिते भूमिशुद्धिं कुरु कुरु स्वाहा ॥

ભૂમિ ઉપર ચંદનનાં છાંટણાં કરવાં.

(૪) મંત્રસ્નાન : વિવિધ તીર્થોના નિર્મળ જળ વડે સ્નાન કરતા હોઈએ તેવા ભાવ સાથે

॥ ॐ नमो विमलनिर्मलाय सर्वतीर्थजलाय पां पां वां वां ज्वीं क्ष्वीं

अशुचिः शुचिर्भवामि स्वाहा ॥

આ મંત્ર બોલી સર્વાંગે ભાવથી સ્નાન કરવું.

(૫) કલ્મષદહન : અંતરમાં રહેલા જન્મોજન્મના વિષય કષાયના કચરાને બાળીને ભસ્મીભૂત બનાવી દઈએ.

॥ ॐ विद्युत्स्फुलिङ्गे महाविद्ये सर्वकल्मषं दह दह स्वाहा ॥

આ મંત્ર બોલી બન્ને ભુજાઓને સ્પર્શ કરવો.

(૬) હૃદયશુદ્ધિ :

॥ ॐ विमलाय विमल चित्ताय इर्वीं क्ष्वीं स्वाहा ॥

હૃદય ઉપર હાથ મૂકવો

(૭) પંચાંગ ન્યાસ : અનુક્રમે ચડઊતર આરોહાવરોહ ક્રમે ઢીંચણ ૧, નાભિ ૨, હૃદય ૩, મુખ ૪ અને લલાટ–મસ્તક ૫ એમ પાંચ સ્થળે નીચેના મંત્ર બીજો સ્થાપી–આરોગ્ય રક્ષા કરવી.

॥ क्षि प ॐ स्वा हा, हा स्वा ॐ प क्षि ॥

ક્ષુદ્ર ઉપદ્રવોને નાશ કરનારી, આધિ વ્યાધિ અને ઉપાધિથી મુક્ત બનાવનારી, સર્વ પ્રકારના ભયોથી નિર્ભય બનાવનારી, પરમેષ્ઠી ભગવંતોના નામથી કરાતી, પૂર્વાચાર્યોએ બતાવેલી, મહાપ્રભાવશાળી, માંત્રિક અને તાંત્રિક અનુષ્ઠાન સ્વરૂપ આત્મરક્ષા તે તે મુદ્રાઓ સાથે આ સ્તોત્રથી કરવી.

## ।। श्री वज्रपञ्जरस्तोत्रम् ।।

ॐ परमेष्ठिनमस्कारं, सारं नवपदात्मकम्।
आत्मरक्षाकरं वज्र-पञ्जराभं स्मराम्यहम् ।।१।।

ॐ नमो अरिहंताणं, शिरस्कं शिरसि स्थितम्।
ॐ नमो सव्वसिद्धाणं, मुखे मुखपटं वरम् ।।२।।

ॐ नमो आयरियाणं, अङ्गरक्षाऽतिशायिनी।
ॐ नमो उवज्झायाणं, आयुधं हस्तयोर्दृढम् ।।३।।

ॐ नमो लोए सव्वसाहूणं, मोचके पोदयोः शुभे।
एसो पञ्चनमुक्कारो, शिला वज्रमयी तले ।।४।।

सव्वपावप्पणासणो, वप्रो वज्रमयो बहिः।
मंगलाणं च सव्वेसिं, खादिराङ्गारखातिका ।।५।।

स्वाहान्तं च पदं ज्ञेयं, पढमं हवई मङ्गलं।
वप्रोपरि वज्रमयं, पिधानं देहरक्षणे ।।६।।

महाप्रभावा रक्षेयं, क्षुद्रोपद्रवनाशिनी।
परमेष्ठिपदोद्भूता, कथिता पूर्वसूरिभिः ।।७।।

यश्चैवं कुरुते रक्षां, परमेष्ठिपदैः सदा।
तस्य न स्याद् भयं व्याधि-राधिश्चापि कदाचन ।।८।।

આ વજ્રપંજર સ્તોત્ર ચેષ્ટાપૂર્વક બોલી-આત્મરક્ષા કરવી. પછી શ્રી પાર્શ્વપ્રભુનું હૃદયમાં ચિંતવન કરતાં પૂજન શરૂ કરવું. તેમાં સૌથી પ્રથમ એક પુરુષ ક્ષેત્રપાલની અનુજ્ઞા સ્વરૂપ નીચેના મંત્રથી ક્ષેત્રપાલનું પૂજન કરે.

**।। ॐ अत्रस्थ क्षेत्रपालाय स्वाहा ।।**

યંત્ર ઉપર કેશર, પુષ્પ, પૂજા... માંડલા ઉપર લીલું નાળિયેર, ચમેલીનું તેલ, કેશર, જાસૂદનું ફૂલ

# आह्वानादि

આહ્વાન : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देवी अत्र आगच्छ आगच्छ ।। संवौषट्

સ્થાપન : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देवि अत्र तिष्ठ तिष्ठ ।। ठः ठः ।

સંનિધાન : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देवी मम सन्निहिता भव भव । वषट्

સંનિરોધ : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देविपूजाविधि यावत् अत्रैव स्थातव्यम् ।

અવગુંઠન : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देवी परेषामदीक्षिता मदृश्या भव भव ।। फट्

અંજલિ : ॐ श्रीँ ह्रीँ क्लीँ चन्द्रप्रभस्वामि – चरणोपासिका भाण्डागार भरपूरिणी महालक्ष्मी देवी इमां पूजां प्रतीच्छ प्रतीच्छ स्वाहा ।

ચંદ્રપ્રભસ્વામી પૂજન : नमोऽर्हत् ॐ चंद्रप्रभ । प्रभाधीश । चंद्रशेखरचंद्रभूः ।
चन्द्रलक्ष्माङ्क । चंद्राङ्ग । चंद्रबीज । नमोस्तु ते ।
ॐ ह्रीँ श्रीँ अर्हं श्री चंद्रप्रभ । ह्रीँ श्रीँ कुरु कुरु स्वाहा ।

ॐ ह्रीँ श्रीँ પરમપુરુષાય પરમેશ્વરાય જન્મજરામૃત્યુ નિવારણાય શ્રીમતે ચન્દ્રપ્રભ જિનેન્દ્રાય જલં ચંદનં પુષ્પં ધૂપં દીપં અક્ષતં નૈવેદ્યં ફલં યજામહે સ્વાહા, અષ્ટકારી પૂજા કરી આરતી મંગળ દીવો કરવા.

## શ્રી મહાદેવી મહાલક્ષ્મી પૂજન

* सुरराजै चतुः षठ्या, स्तूयमानगुणप्रभे । जय श्रीदेवि विश्वैकमातराश्रितवत्सले ।।१ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै जलं समर्पयामि स्वाहा ।।

૧૦૮ વાર (પંચામૃત અથવા સુગંધી જળ દ્વારા પક્ષાલ)

* हिमवच्छिखरे पद्महृदपद्मनिवासिनि । गौतमकससेवैकरिसके विश्वमोहिनि ।।२ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै गन्धं समर्पयामि स्वाहा ।।

**૧૦૮ વાર (અષ્ટગંધ દ્વારા પૂજા)**

* सूरिमन्त्रतृतीयोपिविद्यापदनिवेशिते । सूरिरीजहृदम्भोजविलासिनि चतुर्भुजे ।।३ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै पुष्पं समर्पयामि स्वाहा ।।

**૧૦૮ વાર (કમળ ચડાવવા)**

* श्री चन्द्रप्रभभक्त्याऽतिपूते पद्माननेक्षणे । पद्महस्ते महारत्ननिधिराजिविराजिते ।।४ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै धूपं आघ्रापयामि स्वाहा ।।

**૧૦૮ વાર (સુગંધી ધૂપ ઉવેખવા)**

* गजयानेऽप्सरः श्रेणिगीतनाट्यादिरञ्जिते । सदाशिरोधृतछत्रचलच्चामरभासिते ।।५ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै दर्शयामि स्वाहा ।।

**૧૦૮ વાર (ઘીના દીપક કરવા)**

* श्री जैनशासनान्तमहिमाम्बुधिचन्द्रिके । नानामन्त्रैः समाराध्ये सुरासुरनरर्षिभिः ।।६ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै अक्षतं समर्पयामि स्वाहा ।।

**૧૦૮ વાર (કંકુ મિશ્રિત ચોખાથી પૂજા)**

* विजया-जया-जयन्ती-नन्दा-भद्राद्युपासिते। स्मृतिस्तवनपूजाभिः सर्वविघ्नभयापहे।।७ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै फलं समर्पयामि स्वाहा ।।

**૧૦૮ વાર (બીજોરાં આદિ વિવિધ ફળો ધરવાં)**

* विश्वकल्पलते लक्ष्मि सर्वालङ्कृत्यलङ्कृते । शुद्धबोधिसमाधानसर्वसिद्धिः प्रयच्छ मे ।।८ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै नैवेद्यं समर्पयामि स्वाहा ।।

**૧૦૮ વાર (વિવિધ મીઠાઈઓ ધરવી) સુખડીનો થાળ તથા ભોજનનો થાળ ધરવો.**

* स्तूयमाने महानेकमुनिसुन्दरसंस्तवैः । स्तुते मयापि सर्वेष्टसिद्धिं श्रीदेवि देहि मे ।।९ ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै वस्त्र समर्पयामि स्वाहा ।।

**(જરીવાળી લાલ-સફેદ ચૂંદડી ઓઢાડવી)**

* महादेवी सुरीवृन्द, वन्धमानकमाम्बुजे । सुरासुरनराधीश, प्रशस्यगुणवैभवे ।।१० ।।

।। ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्यै षोडशाभरणं समर्पयामि स्वाहा ।।

**(પાયલ, કંદોરો, છત્ર આદિ સોળે શણગાર ધરવા.)**

**દોરાભિમંત્રણ :** ॐ श्रीँ ह्रीँ क्लीँ महालक्ष्मी प्रसन्ना भव भव रक्षां कुरु कुरु स्वाहा ।।

**આ મંત્ર દ્વારા લાલ ઊનના કે રેશમી દોરામાં ૨૭ ગાંઠ બાંધવી**

**જાપ : એકાગ્રચિત્તે ૧૦૮ વાર નીચેના મંત્રનો જાપ સ્ફટિકની માળાથી કરવો, જેથી મહાલક્ષ્મીજીની કૃપાદૃષ્ટિ પ્રાપ્ત થાય છે.**

# શ્રી મહાલક્ષ્મી દેવીની આરતી


જય જય આરતી દેવી તુમારી,
નિત્ય પ્રણમું હું તુમ ચરણારી — જય. ૧
શ્રી જિનશાસનની રખવાલી,
નામ લક્ષ્મીજી જગસૌખ્યાલી — જય. ૨
સૂરિમંત્રપદની લક્ષ્મીદેવી,
સકલ સંઘ ને સુખ કરેવી — જય. ૩
નીલવટ ટીલડી રત્ન બિરાજે,
કાને કુંડલ હોય શશી રવિ છાજે — જય. ૪
બાહે બાજુબંધ બેરખા સોહે,
નીલવરણ સહુ જનમન મોહે — જય. ૫
સોવનમય નિત્ય ચૂડી ખલકે,
પાયલ ઘુઘરી ઘમઘમ ઘમકે — જય. ૬
વાહન કમલ ચડ્યાં બહુ પ્રેમે,
તુજ ગુણ પાર ન થાઉ કેમે — જય. ૭
ચુનડી જડમાં દેહ અતિ દીપે,
નવસેરા હારે જગ સહુ જીતે — જય. ૮
નિતનિત માંની આરતી ઉતારે,
રોગ શોક ભય દૂર નિવારે — જય. ૯
તસુ ઘર પુત્રપુત્રાદિક છાજે,
મન વાંછિત સુખ સંપદ રાજે — જય. ૧૦
દેવચંદ મુનિ આરતી ગાવે,
જય જય મંગલ નિત્ય વધાવે — જય. ૧૧

કર્પૂર પૂરેણ મનોહરેણ, સુવર્ણ પાત્રાન્તર સંસ્થિતેન,
પ્રદીપ્ત ભાસા સહ સંગમેન, નીરાજનં તે જગદંબે કુર્વે ॥
॥ ॐ શ્રીँ હ્રીँ ક્લીँ મહાલક્ષ્મ્યૈ નમઃ ॥
આરાત્રિકં પ્રદર્શયામિ સ્વાહા ॥

# ઓસિયામાતાનો મૂળ મંત્ર અને યંત્ર

## ॥ ॐ ऐं ह्रीं क्लीं चामुण्डायै विच्चे ॥

मुं. ५




ॐ या देवी सर्वभूतेषु, लक्ष्मी रुपेण संस्थिता ।
रुपं देहि जयं देहि, यशो देहि द्विषो जहि ॥

## વિધિ વિધાન

ચૈત્રીનોરતા અને આસો નવરાત્રિના નવ દિવસ દરમ્યાન ઉપરોક્ત મંત્રની ૧૨૫ માળા ધૂપ-દીપ સહિત ગણવી. માતાજી મનોકામના પૂર્તિ કરે છે.

# સાધનાનિષ્ઠ પ.પૂ.આ. શ્રી પૂ.શિવસાગર સૂરીશ્વરજી મ.સા.



પૂ.પં.શિવસાગરજી મહારાજશ્રી તપાગચ્છના પ.પૂ.આ ભગવંત શ્રી બુદ્ધિસાગરસૂરિજીના સમુદાયની શિષ્ય પરંપરામાં પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરિજીના સમર્થ શિષ્યરત્ન છે. આ ગચ્છના વર્તમાન મુનિસમુહમાં પૂ.શિવસાગરજી મહારાજનું નામ એક પ્રતિભાવંત સાધુપ્રવર તરીકે સુપ્રસિદ્ધ છે. આમ તો પૂ. આ. શ્રી બુદ્ધિસાગરસૂરિજી વર્તમાનકાળે સમગ્ર ગુજરાત અને ભારતભરમાં એક અધ્યાત્મયોગી, પ્રખર સાધનાનિષ્ઠ, દિવ્ય આત્મા અને રાષ્ટ્ર તથા સમાજો દ્ધારક આચાર્યદેવ તરીકે અઢારે આલમમાં અલૌકિક વિભૂતિ રૂપે ઊંડી આસ્થાનું શ્રદ્ધેય આસન બની રહ્યાં છે.

આવી મહાન પરંપરામાં પૂ.આ.કલ્યાણસાગરસૂરિજી અનેક રીતે વિશિષ્ઠ સ્થાનના અધિકારી છે. ખાસ તો શિલ્પ શાસ્ત્રવિશારદ તરીકે અને જ્યોતિષ મુહૂર્તના નિષ્ણાત જ્ઞાતા તરીકે.

ઉત્તર ગુજરાતની હેમચંદ્રાચાર્ય યુનિવર્સિટીના નવીન ગ્રંથાગારના ઉદ્‌ઘાટન પ્રસંગે આર્શીવાદના શુભ સંકેત રૂપે એમણે સ્વસંપાદિત સંસ્કૃત ગ્રંથ'અંજનશલાકા પ્રતિષ્ઠાવિધિ' નો પ્રથમ અમૂલ્ય ઉપહાર આપ્યો હતો.

આવી જ્ઞાનગર્ભ વિશિષ્ટ પરંપરાના વારસદાર તરીકે ક્ષમતા અને સામર્થ્યના બળે પૂ.શિવસાગરજી મહારાજશ્રીનું ભાવિ અતિ ઉજ્વળ છે. આવી અમૂલ્ય ધરોહરની હિફાજત અને સંવર્ધનની પડકારરૂપ કામગીરી જેમને શિરે છે તે પૂ. શિવસાગરજી મ. ની સાંસારિક વિગતો આ પ્રમાણે છે.


ગુરુવર્ય આ.ભ. કલ્યાણસાગરસૂરિજીની નામનો મર્મ જેમાં સુપેરે પ્રગટ થાય છે. તે નવું નામ ધારણ કરનારા શિવસાગરજીનું સાંસારિક નામ - શૈલેશકુમાર મનુભાઈ પ્રેમચંદ વોરા અને મંજુલાબહેનના ધર્મનિષ્ઠ ઘરમાં તા. ૧૪-૦૮-૧૯૬૫ ના રોજ એમનો જન્મ. આ પ્રથમ સંતાનનું વ્યવહારીક શિક્ષણ ધોરણ આઠ સુધીનું. દીક્ષા તા. ૨૨-૧૧-૧૯૮૧, હિંમતનગર પાસેના અડપોદરા ગામે. તે પછી લગાતાર બે વર્ષ યશોવિજયજી જૈન સંસ્કૃત પાઠશાળા, મહેસાણામાં ધાર્મિક અભ્યાસ ઉપરાંત સિદ્ધહેમ વ્યાકરણનું અધ્યયન.

સાધના પથે ચાલતાં એમણે જ્યોતિષશાસ્ત્રની આધિષ્ઠાત્રી દેવી માતા પંચાંગુલીની મહાદેવીની સંનિષ્ઠ આરાધના દ્ધારા જ્યોતિષ, યંત્ર, મંત્ર, તંત્ર અને એવાજ ગૂઢ પ્રાચીન સાહિત્યના અધ્યયન અને તેના પ્રકાશન ક્ષેત્રે ઊંચી નામના પ્રાપ્ત કરી. તે પછી પ્રગટ પ્રભાવક શ્રી ઘંટાકર્ણ મહાવીરના એક લાખ જાપ પરિપૂર્ણ કરીને ગણિપદ, પંન્યાસપદવી ૦૨-૧૨-૨૦૦૪ ના શુભ દિને પ્રાપ્ત કરી. સાહિત્યક્ષેત્રે પણ એમનું યોગદાન અવિશ્મણીય બની રહ્યું છએ. એમણે બુદ્ધિસાગરસૂરિજીના જીવન-સર્જન પર સંશોધન કરીને પી.એચ.ડી. ની પદવી માટે ઉત્સુક એક વિદ્યાર્થીનીને પ્રેરણા અને પ્રોત્સાહન પુરુ પાડ્યું હતું. જેની ફળશ્રુતિ સ્વરૂપે શ્રીમતી રેણુકા પોરવાલને મુંબઈ યુનિવર્સિટીએ પી.એચ.ડી ની ઉપાધિથી અલંકૃત કર્યા હતા.

પંન્યાસપ્રવરશ્રી શિવસાગરજી મ.સા. ને તેમના ગુરુ મહારાજ પ.પૂ.આ.શ્રી કલ્યાણ સાગરસૂરીશ્વરજી મ.સા. એ અંતરના આશીર્વાદ પૂર્વક સૂરિપદવી તેમજ સૂરિમંત્ર તા. ૦૮-૧૧-૨૦૦૯ ના શુભ દિને મહોત્સવપૂર્વક અર્પણ કરેલ છે.

વૈયાવચ્ચમાં જેમની સર્વોચ્ચ નામના છે એવા પ.પૂ.આ. કૈલાસસાગરસૂરિજીની સેવાવૃત્તિ, પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગર સૂરિજીની અપ્રતિમ ગુરુભક્તિ અને યુગ પ્રભાવક પ.પૂ.આ.શ્રી પદ્મસાગરસૂરિજીની વ્યવહારક્ષતાના ઉત્તમ અંશોની અભિરામ અભિવ્યક્તિ પૂ.શિવસાગરજીના વ્યક્તિત્વમાં સુપેરે પ્રગટ થઈ છે. એમના પ્રથમ શિષ્ય બાલમુનિ ઋષભસાગરજી પણ આવા સમર્થ ગુરુના સાચા વારસદાર સાબિત થશે એવી શ્રદ્ધા સાથે.

**-ડૉ. કાન્તિ રામી (વડનગર)**



# પરમાત્મ ભક્તિરસિક પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.

| | | |
|---|---|---|
| જન્મ | : | વિ. સં. ૧૯૮૧ આસો વદિ-૬ ફણસા |
| દીક્ષા | : | વિ. સં. ૨૦૦૫, વૈશાખ સુદ - ૬ - ફણસા |
| વડી દીક્ષા | : | વિ. સં. ૨૦૦૫ અષાઢ સુદિ - ૧૩ - ડભોઈ |
| દીક્ષાગુરુ | : | પ. પૂ. આ. શ્રી કૈલાસસાગરસૂરીશ્વરજી મ.સા. |
| ગણિપદ | : | વિ. સં. ૨૦૨૮, મહા સુદ - ૩ - રાજનગર |
| પંન્યાસ પદ | : | વિ. સં. ૨૦૩૧, મહા વદિ - ૩ - મહેસાણા |
| આચાર્ય પદ | : | વિ. સં. ૨૦૩૨ ફાગણ સુદ - ૭ - જામનગર |

## 卐 પૂજ્યશ્રીની હિતશિક્ષા 卐

**॥ ૐ હ્રીં શ્રી સીમન્ધર સ્વામિને નમઃ ॥ નિત્ય જાપ કરો.**

**પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ. સા. ના**

**૮૬ મા જન્મદિન નિમિત્તે (નંદિગામ)**

*** શુભેચ્છાસહ ***

*શ્રી મણિલાલ મંછારામ પરિવાર (કૈયલ)*

**અન્નપૂર્ણા હીંગવાળા**

વિક્રમ સંવત - ૨૦૬૬, આસો વદિ-૬, તા. ૨૯-૧૦-૨૦૧૦

## આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરીશ્વરજી મહારાજ સાહેબ

| | |
|---|---|
| જન્મ તિથિ | : વિ.સં. ૧૯૩૦ મહાવદિ - ૧૪ શિવરાત્રિ |
| જન્મ સ્થળ | : અમદાવાદની ભાગોળે - કણબીવાસ, વિજાપુર |
| પિતાનું નામ | : શ્રી શિવદાસ પટેલ |
| માતાનું નામ | : શ્રીમતી અંબાભાઈ પટેલ |
| સંસારી નામ | : શ્રી બેચરદાસ પટેલ |
| દીક્ષા-તિથિ-સ્થળ | : વિ.સં. ૧૯૫૭ માગસર સુદ-૬ (પાલનપુર) ગુજરાત |
| આચાર્ય પદવી | : વિ.સં. ૧૯૭૦ માગસર સુદ-૧૫ (પેથાપુર) ગુજરાત |
| કાળધર્મ તિથિ | : વિ.સં. ૧૯૮૧ જેઠ વદિ-૩ (વિજાપુર) ગુજરાત |

## બીજની થોય

અજવાળી તે બીજ સોહાવે રે,
ચંદા રૂપ અનુપમ લાવે રે;
ચંદા વિનતડી ચિત્ત ધરજો રે,
શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૧.

વીસ વિહરમાન જિનને વંદુ રે,
જિનશાસન પૂજી આણંદુ રે;
ચંદા એટલું કામજ કરજો રે,
શ્રી સીમંધરને વંદના કહેજો રે. ૨.

સીમંધર જિનની વાણી રે,
તે તો અમિયપાન સમાણી રે;
ચંદા તમે સુણી અમને સુણાવો રે,
ભવસંચિત પાપ ગમાવો રે. ૩

શ્રી સીમંધર જિનની સેવા રે,
તે તો શાસન ભાસન મેવા રે;
ચંદા હોજો સંઘના ત્રાતા રે,
મૃગ લંછન ચંદ્ર વિખ્યાતા રે. ૪

## આચાર્ય શ્રીમદ્ બુદ્ધિસાગરસૂરિ મહારાજ સાહેબે વિક્રમ સંવત ૧૯૭૦માં ભાખેલ અદ્‌ભૂત ભવષ્યવાણી

# ભવિષ્યવાણી

એક દિન એવો આવશે, એક દિન એવો આવશે.
મહાવીરના શબ્દો વડે, સ્વાતંત્ર્ય જગમાં થાવશે...
સહુ દેશમાં સ્વાતંત્ર્યના, શુભ દિવ્ય વાદ્યો વાગશે...
બહુ જ્ઞાન વીરો કર્મવીરો, જાગી અન્ય જગાવશે...
અવતારી વીરો અવતરી, કર્તવ્ય નિજ બજાવશે...
અશ્રુ લૂછી સૌ જીવનાં, શાંતિ ભલી પ્રસરાવશે...
સહુ દેશમાં સૌ વર્ષમાં, જ્ઞાની જનો બહુ ફાવશે...
ઉદ્ધાર કરશે દુઃખીનો, કરુણા ઘણી મન લાવશે...
સાયન્સની વિદ્યા વડે, શોધો ઘણી જ ચલાવશે...
જે ગુપ્ત તે જાહેરમાં, અદ્‌ભુત વાત જણાવશે...
રાજા સફળ માનવ થશે, રાજા ન અન્ય કહાવશે...
હુન્નર કળા સમ્રાજ્યનું, બહુ જોર લોક ધરાવશે...
એક ખંડ બીજા ખંડની, ખબરો ઘડીમાં આવશે...
ઘરમાં રહ્યા વાતો થશે, પરખંડ ઘર સમ થાવશે...
એક ન્યાય સર્વે ખંડમાં, સ્વાતંત્ર્યતામાં થાવશે...
બુદ્ધિસાગર પ્રભુ મહાવીરના, તત્ત્વો જગતમાં વ્યાપશે.

# ॐ ઓસિયા માતાજીનો મંત્ર ॐ

॥ ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ ॥

વિધિ : કાળી ચૌદસ/ચૈત્રના નવ દિવસ / નવરાત્રિ / રવિ કે મંગળવારથી જાપ શરૂ કરવા. રોજ ૧૦ થી ૨૦ માળા કરવી. આસન લાલ રંગનું રાખવું. જાપ કરતી વખતે ધૂપ-દીપ ચાલુ રાખવા. એક બાજોઠ પર ચોખાનો સાથિયો કરવો. તેના પર એક નાળિયેર મૂકવું. નાળિયેર પર નાડાછડી વીંટાળવી. નાળિયેરથી થોડું પાછળ દેવીનો ફોટો રાખવો. બાજોઠ પાસે પાણીથી ભરેલ ત્રાંબાનો લોટો રાખવો. બાઝોઠની સમાંતરે એક નાની વેદી જેવું બનાવવું. દેવી પાસે થોડું અબીલ-ગુલાલ અને કંકુ તથા ફળ-ફૂલ વગેરે ધરવા.

મંત્રોચ્ચાર કરતાં કરતાં પંચામૃતનો વેદીનો અગ્નિમાં હોમ કરતા જવું. એક લાખ મંત્રોચ્ચાર કરવા.

(૧) આમ કરનાર સાધક પર દેવી પ્રસન્ન થાય છે. (૨) જગત આખું માન આપે છે. (૩) યશવૃદ્ધિ થાય છે. (૪) ધનલાભ થાય છે. (૫) શત્રુઓ પર વિજય મળે છે. (૬) ઉત્તમ મિત્રો મળે છે. (૭) અન્ન-વસ્ત્ર અને રહેઠાણ પ્રાપ્ત થાય છે. (૮) વિદ્યા વધે છે. (૯) કોર્ટ કેસમાં જીત થાય છે. (૧૦) આરોગ્યવૃદ્ધિ થાય છે. (૧૧) સજ્જનોની સંગતિ મળે છે. (૧૨) ઋણથી મુક્ત બને. (૧૩) દુ:ખ નષ્ટ થાય. (૧૪) જ્ઞાન-ભક્તિ વધે છે.

# સાંસારિક મુશ્કેલીઓ દૂર કરનાર ઉપાસના પ્રયોગ

વિધિ : સવારે સ્નાનાદિકથી પરવારી સ્વચ્છ વસ્ત્રો ધારણ કરવાં. પવિત્ર આસન પર બેસવું. એક બાજોઠ પર સફેદ વસ્ત્ર પાથરી તેના પર ચામુંડા દેવીનો ફોટો મૂકવો. ફોટા સામે દીવો-અગરબત્તી કરવાં અને નીચે લખેલ મંત્રની એક માળા ગણવી. અથવા શક્ય હોય તો ૧૧ માળા કરવી.

॥ ૐ ઐં હ્રીં ક્લીં ચામુંડાયૈ વિચ્ચૈ ॥

શુભ ચંદ્ર અને શુક્રવાર આ બન્ને યોગ ઉપાસના શરૂ કરવા માટે સારા છે.

# 卐 પંચાંગુલી દેવી મંત્ર 卐

ધ્યાન શ્લોક : પંચાંગુલી મહાદેવી શ્રી સીમંધર – શાસને ।
અધિષ્ઠાત્રી કરસ્યાસૌ, શક્તિઃ શ્રી ત્રિદશેશિતુઃ ।।

પ્રથમવિધિ : ધ્યાન શ્લોકનું ત્રણવાર સ્મરણ કર્યા બાદ જાપ મંત્રનો ઓછામાં ઓછા ૨૭ વાર જાપ પ્રતિદિન કરવો. હસ્તનક્ષત્ર આવે ત્યારે મંત્રજાપ શરૂ કરવો. કરજ્ઞાન, કાલજ્ઞાન, સર્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. સાત્ત્વિક જીવન જીવવું. વ્યસનનો ત્યાગ કરવો. માતાજીની કૃપાદ્રષ્ટિ પ્રાપ્ત થાય છે.

જાપ મંત્ર : ।। ૐ નમો પંચાંગુલી પંચાંગુલી પરશરી મત્ત મયંગલવશીકરણી, લોહમયદંડમંડની ચૌસઠકામવિહંડની, રણમધ્યે, રાઉલમધ્યે, શત્રુમધ્યે, દીવાનમધ્યે, ભૂતમધ્યે પિશાચમધ્યે, ઝોટીંગમધ્યે, યક્ષિણીમધ્યે, દોષેણીમધ્યે, શાકિનીમધ્યે, ગુણીમધ્યે, ગારુડીમધ્યે, વિનારીમધ્યે, દોષમધ્યે, દોષશરણમધ્યે, દુષ્ટમધ્યે, ઘોરકષ્ટ મુઝ ઉપરે બૂરો જે કોઈ કરે કરાવે જડે જડાવે ચિંતે ચિંતાવે તસમાથે દેવી શ્રી પંચાંગુલી તણો વજ્ર નિર્ઘાર પડે ૐ ઠઃ ઠઃ ઠઃ સ્વાહા ।।

બીજી વિધિ : શનિવારે શરૂ કરવી. ૮ દિવસમાં દશહજાર જાપ કરવા. મંત્ર સિદ્ધિ થાય છે જયોતિષશાસ્ત્રનું જ્ઞાન થાય છે.

ત્રીજી વિધિ : ऐँ ऐँ ऐँ બીજાક્ષરનું પ્રતિદિન પ્રભાતે ધ્યાન કરવું.

ફળ : સીમન્ધર સ્વામિ પરમાત્માની શાસનદેવી તથા જ્યોતિષશાસ્ત્રની અધિષ્ઠાયિકા માતા પંચાંગુલી દેવી ના માધ્યમથી જ્યોતિષ શાસ્ત્ર – કરજ્ઞાન – કાળજ્ઞાન અને સર્વજ્ઞાન પ્રાપ્ત થાય છે. પવિત્ર મનથી કરવો.

કળિયુગની તમામ સમસ્યાઓનું પૂર્ણવિરામ...

## બાણ ની આણ

# શ્રી ઘંટાકર્ણ વીર કલ્પ

✽ મંગલ આશીર્વાદ ✽

વચનસિદ્ધ મહાત્મા પ.પૂ.આ.શ્રી કલ્યાણસાગરસૂરીશ્વરજી મ.સા.
મધુરભાષી પ્રવચનકાર પ.પૂ.આ.શ્રી શિવસાગરસૂરીશ્વરજી મ.સા.

✽ સંશોધક ✽
મંત્ર અને વાસ્તુ વિશારદ
શ્રી દિનેશભાઈ બી. ગાંધી

✽ સંપાદન ✽
વિદ્વાન પંડિતવર્ય
શ્રી નિકુંજભાઈ એમ. શેઠ

✽ શ્રી ઘંટાકર્ણ મહાવીરના પ્રાગટ્યથી સ્થાપત્ય સુધીનો ઈતિહાસ
✽ વીરને પ્રગટ કરતા આ.ભ.શ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરજી મ.સા.ના ચમત્કારીક સ્વાનુભાવો
✽ શ્રી ઘંટાકર્ણ મહાવીર યંત્ર મંત્ર સાધના કલ્પ
✽ સાધના દ્વારા વર્તમાન યુગના વિશિષ્ટ ચમત્કારો
✽ ઘંટાકર્ણ માહવીરની સાધના સાથે કાળી ચૌદશનો સંબંધ
✽ શ્રી ઘંટાકર્ણ મહાવીરનો પૂર્વભવ
✽ શ્રી ઘંટાકર્ણ વીરનું બાણ ફરે છે અને માનવી તરે છે
✽ શ્રી ઘંટાકર્ણ વીર અને જૈન શાસ્ત્ર
✽ શ્રી ઘંટાકર્ણ મહાવીરના પ્રાગટ્યથી કરીને આજ સુધી કદીયે પ્રગટ ના થયેલા ઘંટાકર્ણ મહાવીરના તંત્ર પ્રયોગો
✽ વર્તમાન સમયમાં નૂતન આચાર્યશ્રી શિવસાગરસૂરીશ્વરજી મ.સા.ના શ્રી ઘંટાકર્ણ મહાવીરની સપ્તવર્ષીય સાધનાના અનુભવો